# સુરક્ષિત ડિજિટલ બેંકિંગ અનુભવ માટેની સારી પ્રથાઓ

## શું કરવું અને શું ના કરવું

### ઓનલાઈન અને મોબાઈલ બેંકિંગ

**શું કરવું :**



- ચુકવણી માટે ફક્ત વિશ્વસનીય અને ચકાસેલ બ્રાઉઝર્સ અને સુરક્ષીત વેબસાઈટ HTTPSનો ઉપયોગ કરો.
- વારંવાર તમારો પાસવર્ડ બદલતા રહો.
- તમારી પેમેન્ટ એપ્લિકેશનને હમેશાં અદ્યતન સંસ્કરણ સાથે અપડેટ રાખો.

**શું ના કરવું :**



- લોગ ઈનની વિગતો મોબાઈલમાં ક્યારેય સાચવશો નહિ તેમજ વિશ્વસનીય ના હોય તેવા કિઓસ્ક પર ઓળખની વિગતો આપશો નહિ.
- સાર્વજનિક ઉપકરણો અને અવિશ્વસનીય / ઓપન નેટવર્ક પરથી વ્યવહાર કરવાનું ટાળો.
- તમારો મોબાઈલ બેંકિંગ પિન અથવા ઈન્ટરનેટ પાસવર્ડ કોઈની પણ સાથે શેર કરવાથી બચો.

### યુનીફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) / ભીમ





**શું કરવું :**

- સુનિશ્ચિત કરો કે તમારા દ્વારા કરેલ મની ટ્રાન્સફર ઈચ્છિત લાભાર્થીઓને જ થાય.
- ચુકવણી કરતા પહેલા સાચા લાભાર્થીની ચૂકવણીની વિગતો અને રકમ તપાસો.





**શું ના કરવું :**

- તમારા UPI PIN ને ક્યારેય બતાવશો કે લખશો નહિ.
- પ્રથમ નાણાં મેળવનારની ચકાસણી કર્યા વગર પૈસા ટ્રાન્સફર કરશો નહિ.



### ક્રેડિટ અને ડેબિટ કાર્ડ્સ

**શું કરવું :**




- કાર્ડના ઉપયોગ વખતે સતત તેની પર નજર રાખો અને કામ પત્યા પછી તરત પાછું લઈ લો.
- હંમેશા કરેલ વ્યવહાર અને SMSની વિગતો વચ્ચે કોઈ ફરક નથી તે ચકાસો.
- સુનિશ્ચિત કરો કે પહોંચ અને સ્ટેટમેન્ટનો તમે સુરક્ષિત રીતે નિકાલ કરો છો.

**શું ના કરવું :**




- કોઈને પણ કાર્ડની વિગતો અને પિન જણાવશો નહિ.
- તમારું ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડ કોઈની પાસે છોડશો નહિ.
- કોઈને પણ પાસવર્ડ / પિન / OTP જણાવશો નહિ.